# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેકટર-૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર-૦૭૯ ૨૩૨૨૦૪૪૦,ફેક્સ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com


ક્રમાંકઃગાં.મ.ન.પા./મકમ/કોરોનાવાઇરસ/જાહેરનામું/મુક્ત/ [illegible] /૨૦૨૧, તાઃ૨૮/૦૧/૨૦૨૧

## "જાહેરનામુ"

વિશ્વભરમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19 ના કેસોને કારણે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કેસો જણાતાં ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઇરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. સબબ ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ સેકટરોમાં પોઝીટીવ કેસ નોંધાતા કોરોના વાઈરસના સંક્રમણની ગંભીરતાને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગાંધીનગર મહાનગરપાલિકામાં "Containment Area" (કન્ટેન્મેન્ટ એરિયા) જાહેર કરવામાં આવેલ હતો.

જાહેર કરવામાં આવેલ વિવિધ માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયા વિસ્તારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ દૈનિક આરોગ્ય તપાસણી અને સેમ્પલીંગની કાર્યવાહી સતત ૧૪ (ચૌદ) દિવસ સુધી કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં ૧૪ (ચૌદ) દિવસ સુધી કોઈપણ નવો પોઝીટીવ કેસ નોંધાયેલ નથી જેથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ "Containment Area" (કન્ટેન્મેન્ટ એરિયા)ના નિયંત્રણમાંથી મુક્ત કરી શકાય છે.

આથી હું, મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ગુજરાત રાજ્ય એપેડેમિક ડીઝીસ એક્ટ-૧૮૯૭ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંકઃNCV/102020/SF-1/G, Date:20/03/2020ના પેરા નં. ૧૧ થી મળેલ અધિકારની રુએ ગાંધીનગર મહાનગરપાલિકામાં આવેલ નીચે મુજબના વિવિધ માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયાના વિસ્તારને "Containment Area" (કન્ટેન્મેન્ટ એરિયા)ના નિયંત્રણમાંથી "મુક્ત" જાહેર કરું છું.

| ક્રમ | જાહેરનામા ક્રમાંક | જાહેરનામાની તારીખ | સેકટર/ગામ | કન્ટેન્મેન્ટ એરિયા | કુલ ઘરો | કુલ વસ્તી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગાંમનપા/મકમ/કોરોનાવાઇરસ/જાહેરનામું/ફ.ન૧૧૫-૨/૧૫૮૫૧/એ/૨૦૨૦ | ૨૮/૧૨/૨૦૨૦ | સેક્ટર-૧૭ | બ્લોક-૨૫ છ ટાઈપ | ૦૬ | ૨૫ |
| ૨ | ગાંમનપા/મકમ/કોરોનાવાઇરસ/જાહેરનામું/ફ.ન૧૧૫-૨/૨૫૦/૨૦૨૧ | ૦૪/૦૧/૨૦૨૧ | સેક્ટર-૫ | પ્લોટ નં.-૧૮૭ થી ૧૮૯ | ૦૬ | ૨૫ |
| 3 | ગાંમનપા/મકમ/કોરોનાવાઇરસ/જાહેરનામું/ફ.ન૧૧૫-૨/૨૫૦/૨૦૨૧ | ૦૪/૦૧/૨૦૨૧ | સેક્ટર-૨૯ | પ્લોટ નં-૩૧૦ થી ૩૧૭ | ૦૮ | ૩૨ |

મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા.

**નકલ સવિનય રવાના જાણ સારુઃ**

૧. કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર તરફ.

૨. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સેક્ટર-૨૭, ગાંધીનગર તરફ.